## શ્રી સમીરી કામદાદેવી શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવ

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે વાયડ ખાતે માતાજીના ચતુર્થ પ્રતિષ્ઠા મહોત્સવનું તા.૧૨-૧૩-૧૪ (મંગળ થી ગુરુ) ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં તમામ જ્ઞાતિજનોને ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે.

વિદેશમાં વસતા ઘણા જ્ઞાતિજનો નવેમ્બર-ડીસેમ્બર દરમિયાન ભારત આવતા હોય છે. તેમને જણાવવાનું કે આપનું આ ગાળામાં આવવાનું આયોજન હોય તો, આપ ફેબ્રુઆરી ૨૦૧૯માં આવો તો વાયડ ખાતે પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લઈ શકાય. આપ આ માટે અગાઉથી આયોજન કરી શકો તે હેતુ છે. આપને રહેવા માટે પાટણમાં સારી વ્યવસ્થાની જરૂરિયાત હોય તો અગાઉથી જાણ કરવાથી વ્યવસ્થા થઈ શકશે.

શતચંડી યજ્ઞના યજમાનની ઉછામણી ઓનલાઈન કરવાનો વિચાર છે. આ માટે વોટ્સેપ ગ્રુપ બનાવવામાં આવશે. દેશ વિદેશના જ્ઞાતિજનો તેમાં ભાગ લઈ શકશે. જે જ્ઞાતિજનોને હવનમાં બેસવાનો વિચાર હોય તેઓ ઉછામણીમાં ભાગ લઈ શકે છે. હવનમાં ફક્ત એક જ યજમાનને બેસાડવામાં આવશે. નવેમ્બર ૨૦૧૮માં ઉછામણી કરવામાં આવશે. વાયડામિત્રમાં અગાઉથી ઉછામણીની તારીખો તેમ જ વોટ્સએપમાં ભાગ લેવાની પધ્ધતિ પ્રસિધ્ધ કરવામાં આવશે.

પ્રતિષ્ઠા મહોત્સવનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે. આ મહોત્સવમાં આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ જ્ઞાતિજનો ભાગ લે તેવી ધારણા છે. આ ભગીરથ કાર્ય માટે સ્વયંસેવકોની મજબૂત ટીમ તૈયાર કરવી પડશે. જૂન, ૨૦૧૮ના વાયડામિત્રનાં અંકમાં પાના નં.-૩૮.૫૨ 'સ્વયં સેવક નોંધણી પત્રક' પ્રસિદ્ધ કરેલ છે. આ ફોર્મ ભરીને તાત્કાલિક પોતાનું નામ સ્વયંસેવક તરીકે નોંધાવવા અપીલ કરવામાં આવે છે. મોટી સંખ્યામાં જ્ઞાતિજનો સેવા આપે તે ઈચ્છનીય છે.

સૌ જ્ઞાતિજનોને ઉદાર હાથે માતાજીના પ્રતિષ્ઠા મહોસવમાં ફાળો નોંધાવવા અપીલ કરવામાં આવે છે. જ્ઞાતિજનોનો સાથ, સહકાર તથા માતાજીની કૃપાથી આ આયોજન સારી રીતે પાર પડશે તેવી મને આશા છે.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**

**શ્રી વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**